BUSINESS મિત્ર

શેરબજાર ઘટાડા બાદ અંતિમ તબક્કામાં નજીવા ઘટાડા સાથે સપાટ

મંદીવાળાઓની પક્કડ મજબૂત થતા વીકલી એકસપાયરીના દિવસે પણ શોર્ટ કવરીંગનો અભાવ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 24: ભારતીય શેરબજારમાં આજે વીકલી એકસપાયરીના પગલે બેઉતરફી વધઘટ જોવા મળી હતી. ગઇકાલે એફઆઇઆઇ દ્વારા એફ એન્ડ ઓમાં શોર્ટ કવરીંગ જોવા મળ્યું હતું, પરંતુ આજે શેરબજારમાં શોર્ટ કવરીંગનો અભાવ રહ્યો હતો અને અંતે શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટી નજીવા ઘટાડા સાથે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જ્યારે ખાનગી દિગ્ગજ એચડીએફસી બેન્કમાં આજે શાનદાર ખરીદી રહેતા તેની આગેવાનીમાં બેન્ક નિફ્ટી પોઝિટિવ રહી હતી.

ભારતીય શેરબજારમાં મંદીવાળાઓની પક્કડ મજબૂત બનતી જાય છે અને દરેક ઉછાળે વેચવાલી કરનારા કમાઇ રહ્યા છે. આમ, દરેક વેચવાલીએ સુધારાની ચાલ જોવા મળી રહી છે.

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 16.82 પોઇન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 80065.16 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 80260 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 80000 પોઇન્ટની સપાટી તોડીને 79813 પોઇન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટીએ 24400 પોઇન્ટની સપાટી તોડીને નીચે બંધ રહી હતી. આજે નિફ્ટી 36.10 પોઇન્ટ એટલે કે 0.15 ટકા ઘટીને 24399.40 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24480 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24341 પોઇન્ટ સુધી ઘટી હતી. જ્યારે બેન્ક નિફ્ટી 292.15 પોઇન્ટ એટલે કે 0.57 ટકા ઉછળીને 51531.15 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બ્રોડર માર્કેટમાં પણ ઉપલા સ્તરેથી વેચવાલી રહી હતી. જેના પરિણામે બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.13 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.72 ટકા ઘટયા હતા. જેના લીધે બ્રોડર માર્કેટ નેગેટિવ રહી હતી. બીએસઇ ખાતે 1588 શેરો વધ્યા હતા, જ્યારે 2344 શેરો ઘટયા હતા અને 101 શેરો યથાવત રહ્યા હતા.

શાપૂરજી પલોનજી જુથની ફ્લેગશીપ કંપની ઇન્ફ્રાસ્ટ્રકચર, એન્જિનીયરીંગ અને કન્સ્ટ્રકશન કંપની એફકોન્સ ઇન્ફ્રાસ્ટ્રકચર લિ. રૂ. 440થી રૂ. 463ના પ્રાઇસ બેન્ડ સાથે આગામી 25 ઓકટોબરે આઇપીઓ લાવી રહી છે. જે 29ના રોજ બંધ થશે. કંપની ઓએફએસ રૂ. 4180 કરોડ અને ફ્રેશ ઇસ્યુ દ્વારા રૂ. 1250 કરોડની ઓફર કરી રહી છે.

આર્થિક સ્તરે એસ એન્ડ પી ગ્લોબલ દ્વારા પીએમઆઇ સર્વેક્ષણ અનુસાર ભારતના ખાનગી ક્ષેત્રના અર્થતંત્રએ ઓકટોબરમાં મજબૂત વૃદ્ધિ દર્શાવવાનું ચાલુ રાખ્યું હતું. એચએસબીસી ફ્લેશ ઇન્ડિયા કમ્પોઝિટ આઉટપુટ ઇન્ડેક્સ એક સિઝનલ એડજસ્ટેડ ઇન્ડેક્સ છે, જે ભારતના મેન્યુફેકચરીંગ અને સર્વિસ સેકટરના સંયુક્ત ઉત્પાદનમાં મહિના દર મહિને ફેરફારને માપે છે, જે ઓકટોબરમાં 58.6 હતો, જ્યારે સપ્ટેમ્બરમાં 58.3 હતો.

નિફ્ટીના એફએમસીજી ઇન્ડેક્સ 2.83 ટકા ઘટીને 58396.90 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જેમાં એચયુએલ, મેરિકો, કોલગેટ, વરૂણ બેવરેજીસ અને ડાબર ઇન્ડિયા ટોપ લુઝર રહ્યા હતા. જ્યારે ગોદરેજ કન્ઝયુમર, નેસલે ઇન્ડિયા, બ્રિટાનીયા, આઇટીસી અને તાતા કન્ઝયુમર ઘટયા હતા.

બીએસઇ ખાતે એસ્ટર ડીએમ હેલ્થકેરમાં 18.87 ગણા, એસકોર્ટ કુબોટામાં 8.57 ગણા, સોના બીએલડબલ્યુમાં 7.79 ગણા, એઆઇએ એન્જીનીયરીંગમાં 4.38 ગણા અને વીઆઇપી ઇન્ડ. માં 4.01 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એસ્ટર ડીએમ હેલ્થકેરમાં 31.74 ગણા, પિરામલ ફાર્મામાં 15.06 ગણા, કેપીઆઇટી ટેકનો 12.91 ગણા, સોના બીએલડબલ્યુમાં 12.74 ગણા અને એસકોર્ટ કુબોટામાં 8.15 ગણા કામકાજ જોવાયા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન શેરોમાં સુધારો જોવાયા હતા. જ્યારે એશિયન બજારોમાં ઘટાડો નોંધાયો હતો. એસ એન્ડ પી ગ્લોબલ ફ્લેશ યુકે પીએમઆઇ કમ્પોઝિટ આઉટપુટ ઇન્ડેકસ 52.6થી ઘટીને 51.7 થઇ ગયો છે. દક્ષિણ કોરિયાનો જીડીપી અગાઉના ત્રિમાસિક ગાળાની સરખામણીએ ત્રીજા ત્રિમાસિક ગાળામાં 0.1 ટકા વધ્યો હતો. ઓકટોબરમાં જાપાની વ્યાવસાયિક પ્રવૃત્તિ ઘટી હતી. જે પીએમઆઇ ઓકટોબરમાં ઘટીને 49.7થી ઘટીને 49.0 થયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.60 ટકા, કેક 0.70 ટકા, ડેક્સ 0.80 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.10 ટકા, સ્ટ્રેઇટસ 0.12 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 1.32 ટકા, તાઇવાન 0.61 ટકા, કોસ્પી 0.72 ટકા, જકાર્તા 0.92 ટકા અને શાંઘાઇ 0.69 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં નજીવો સુધારો

આજે ડોલરની સામે રૂપિયામાં નજીવો સુધારો રહ્યો હતો પણ હજુય રૂપિયો 84ની નીચે ચાલી રહ્યો છે. આજે ડોલરની સામે રૂપિયો 2 પૈસા સુધરીને 84.09થી ઘટીને 84.07નો થયો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 90.40, પાઉન્ડ 109.19, કેનેડિયન ડોલર 60.92, ઓસ્ટ્રેલિયન ડોલર 55.49, જાપાનીઝ યેન 0.5535, સીંગાપોર ડોલર 63.69ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-16.82	80065.16
નિફ્ટી	-36.10	24399.40
બેન્ક નિફ્ટી	-104.95	51801.05
નિફ્ટી	292.15	51531.15

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અલ્ટ્રાટેક સિમેન્ટ	2.70	11043.60
શ્રીરામ ફાઇનાન્સ	1.48	3245.10
ટાઇટન કંપની	1.29	3330.90
ગ્રાસીમ ઇન્ડ.	1.27	2666.70
મહિન્દ્રા-મહિન્દ્રા	1.18	2826.3

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચયુએલ	5.80	2505.10
એસબીઆઇ લાઇફ	4.70	1635.30
હિન્દાલ્કો	3.68	690.70
નેસલે ઇન્ડિયા	2.94	2258.65
બજાજ ઓટો	2.68	10302.50

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અલ્ટ્રાટેક સિમેન્ટ	2.77	11050.00
મહિન્દ્રા-મહિન્દ્રા	1.35	2828.05
ટાઇટન કંપની	1.28	3332.05
એસબીઆઇ	1.15	795.00
એનટીપીસી	0.86	411.75

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચયુએલ	5.83	2502.95
નેસલે ઇન્ડિયા	2.88	2260.00
આઇટીસી	1.81	471.85
મારૂતિ સુઝુકી	1.61	11770.00
એશિયન પેઇન્ટસ	0.65	2971.30

રતન ટાટાના એક નિયમથી નોએલ ટાટા, ટાટા સન્સના ચેરમેન બની નહીં શકે!

2022નો નિયમ, કોઇપણ વ્યક્તિ એક સાથે ટાટા ટ્રસ્ટ અને ટાટા સન્સના અધ્યક્ષ ન બની શકે

નવી દિલ્હી, તા. 24: ચાલુ મહિનાની શરૂઆતમાં રતન ટાટાના નિધન બાદ તેમના સાવકા ભા નોએલ ટાટાને ટાટા ટ્રસ્ટના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જેનાથી સંકેત મળ્યા હતા કે નોએલ ટાટા હવે ટાટા ગ્રુપની કમાન સંભાળશે. પણ નોટેલ ટાટા કયારેય ટાટા સન્સના ચેરમેન નહીં બની શકે. ટાટા સન્સ ટાટા ગ્રુપની હોલ્ડીંગ કંપની છે. ટાટા સન્સના આ જુથની એક ડઝનથી વધુ કંપનીઓ પર નિયંત્રણ ધરાવે છે.

આ પહેલીવાર નથી જ્યારે નોએલ ટાટાની ટાટા સન્સના ચેરમેનની ધારણા આડે આવી હોય. લગભગ 13 વર્ષ પહેલા જ્યારે ટાટા સન્સના ચેરમેન બન્યા ત્યારે આવી જ સ્થિતિ ઉભી થઇ હતી.

એક અગ્રણી અખબારના રિપોર્ટ અનુસાર રતન ટાટાના રાજીનામા બાદ નોએલ ટાટા ટાટાના ટાટા સન્સના ચેરમેન બનવાની ચર્ચા શરૂ થઇ ગઇ હતી. જોકે, આ જવાબદારી સાયરસ મિસ્ત્રીને સોંપવામાં આવી હતી. જે નોએલની પત્નીનો ભાઇ છે. વળી, જ્યારે નોએલ ટાટાને સરા રતન ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ત્યારે તેમને ટાટા સન્સના ચેરમેન તરીકે નિમવાની ચર્ચા શરૂ થઇ હતી. ત્યારબાદ 2022માં તેમને સરદોરાબજી ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, પરંતુ તેમને ટાટા સન્સના ચેરમેન બનાવવવામાં આવ્યા નહીં.

વાસ્તવમાં 2022માં રતન ટાટાની આગેવાનીમાં ટાટા ગ્રુપે એક નિયમ બનાવ્યો હતો. તેનો હેતુના ટકરાવને રોકવાનો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે, કોઇપણ વ્યક્તિ એક સાથે ટાટા ટ્રસ્ટસ અને ટાટા સન્સના અધ્યક્ષ ન બની શકે. નોએલ હાલ ટાટા ટ્રસ્ટના ચેરમેન હોવાથી તેમને ટાટા સન્સના ચેરમેન તરીકે નિયુક્ત કરી શકાય નહીં. નોંધનીય છે કે, રતન ટાટા, ટાટા પરિવારમાં છેલ્લા એવા વ્યક્તિ હતા, જેમની પાસે આ બંને જવાબદારીઓ એક સાથે હતી.

ટાટા સન્સ તાજા જુથની કંપનીઓની હોલ્ડીંગ કંપની હોવાથી તમામ કંપનીઓમાં તેનો બહુમતિ હિસ્સો છે. ટાટા ટ્રસ્ટ ટાટા સન્સમાં 66 ટકા હિસ્સો ધરાવે છે. આનો અર્થ એ છે કે ટાટા ટ્રસ્ટના અધ્યક્ષ વર્ચ્યુઅલ રીતે જુથને નિયંત્રિત કરે છે. જો કે, ટાટા ગ્રુપની કંપનીઓ પર સીધુ નિયંત્રણ ટાટા સન્સના ચેરમેનનું હોય છે. આ કારણે રતન ટાટાએ એક નિયમ બનાવ્યો હતો કે એક વ્યક્તિ એક સાથે ટાટા ટ્રસ્ટ અને ટાટા સન્સના ચેરમેન ન બની શકે.

ધનતેરસ, દિવાળી સાથે લગ્નસરાની ખરીદીએ રોજબરોજ સોનુ નવા રેકોર્ડ સર્જે છે

સોના-ચાંદીના ભાવો આસમાને, સોનુ ગત દિવાળીની સરખામણીએ 33 ટકા મોઘું થયું

મુંબઇ, તા. 24: આ વર્ષે ધનતેરસ અને દિવાળી પર સોનાના ભાવ આસમાને છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે સોનું 33 ટકા મોંઘું થયું છે. ગયા વર્ષે ઓક્ટોબર 2023માં 24 કેરેટ પ્રતિ 10 ગ્રામ સોનાનો ભાવ 61200 રૂપિયા હતો, જે 24 ઓક્ટોબર 2024ની સવારે જ્યારે જીએસટી વિના બજાર ખુલ્યું, ત્યારે સોનું 78000 રૂપિયા પ્રતિ દસ ગ્રામ પર ટ્રેડ કરી રહ્યું છે અને ચાંદી 97 હજાર રૂપિયા પ્રતિ કિલોથી વધુના ભાવે ટ્રેડ કરી રહી છે. મુંબઈના ઝવેરી બજારનું કહેવું હતું કે, ગયા વર્ષથી સોનાના ભાવમાં ૩૩ ટકાનો વધારો થયો છે. આમ છતાં ધનતેરસ અને દિવાળીની માગ વધવાની ઉદ્યોગ જગતને આશા છે. આ માટે અમે સ્ટોક પણ પૂરો કરી લીધો છે. અમે ગયા વર્ષની તુલનામાં આ વર્ષે 20-30 ટકા વેચાણની અપેક્ષા રાખીએ છીએ.

ઈન્ડિયન બુલિયન એસોસિયેશનના રાષ્ટ્રીય પ્રમુખ પૃથ્વીરાજ કોઠારી જણાવે છે કે ભારતીયોની પરંપરા અને ભાવનાઓ સોના સાથે સંકળાયેલી છે. સાથે જ ધનતેરસ અને દિવાળી પર જ્વેલરી, સોના-ચાંદીની ખરીદી શુભતાનુ સૂચક માનવામાં આવે છે. સોનાના ભાવ રેકોર્ડ સ્તરે હોવાથી જ્વેલરી તેમજ સોના-ચાંદીના સિક્કાના વેચાણમાં તેજી આવે તેવી અમને અપેક્ષા છે.

કેટલાક જ્વેલર્સનું કહેવું છે કે, આ દિવાળીમાં લાઈટ વેઈટ ગોલ્ડ જ્વેલરીની ડિમાન્ડ રહેવાની આશા છે. તે દિવસે સોના-ચાંદીના ભાવ પ્રમાણે હળવા વજનના આભૂષણો કે સોના-ચાંદીના સિક્કાના ભાવ નક્કી કરવામાં આવે છે. તેમનું કહેવું છે કે સોનાની કિંમતમાં ગત વર્ષની સરખામણીએ 16 હજાર રૂપિયાથી વધુનો વધારો થયો છે. ગયા વર્ષે આ જ સોનું 61થી 62 હજાર રૂપિયા પ્રતિ દસ ગ્રામના ભાવે મળતું હતું, જે આજે 78 હજાર રૂપિયા પ્રતિ દસ ગ્રામ છે. ધનતેરસથી પાંચ દિવસની દિવાળીની ખરીદી શરૂ થશે ત્યારે આ વર્ષે જ્વેલરીના વેચાણમાં 20 ટકાનો વધારો થાય તેવી આશા અમે વેપારીઓ રાખી રહ્યા છીએ.

એક્સિસ સિક્યોરિટીઝના કોમોડિટીઝ રિસર્ચ એનાલિસ્ટે જણાવ્યું હતું કે સોના-ચાંદીના ભાવમાં વધારા પાછળનું મુખ્ય કારણ યુએસ ફેડરલ બેન્ક અને યુરોપિયન સેન્ટ્રલ બેન્ક દ્વારા વ્યાજના દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે, જેના કારણે સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા છે. આ સાથે જ પૂર્વ મધ્ય ક્ષેત્રમાં થયેલા યુદ્ધની અસર સોના-ચાંદીના ભાવ પર પણ પડી છે. આ કારણે રોકાણકારો સુરક્ષિત રોકાણ માટે સોના-ચાંદી તરફ મીટ માંડી રહ્યા છે. તેઓ કહે છે કે, 2007થી અત્યાર સુધીમાં સોનું 33 ટકા જેટલું શ્રેષ્ઠ પ્રદર્શન કરી ચૂક્યું છે. તેઓ સમજાવે છે કે જો એમસીએક્સ ગોલ્ડ ધનતેરસ છેલ્લા ત્રણ વર્ષમાં, તો સોનાનું વળતર 2021-22માં 10 ટકા, 2022માં 20 ટકા અને 2023 અને 24 માં 23 અને 25 ટકા રહ્યું છે.

ખોટમાંથી નફો કરતા અદાણી વિલ્મરમાં ઉછાળો

અદાણી ટોટલ ગેસ પરિણામ બાદ 6 ટકાથી વધુ ઉછળ્યો

અમદાવાદ, તા. 24: અદાણી વિલમર લિ.ના બીજા કવાર્ટરના જાહેર થયેલા પરિણામમાં કંપની ખોટમાંથી બહાર આવીને રૂ. 311 કરોડનો નફો કર્યો છે. જેના લીધે આજે જ કંપનીના શેરમાં ઝડપી ઉછાળો જોવાયો હતો. 30 સપ્ટેમ્બરના રોજ પુરા થયેલા કવાર્ટરમાં કુલ આવક 17.87 ટકા વધીને રૂ. 14460.45 કરોડની થઇ હતી. જ્યારે કરવેરા પુર્વેનો નનફો રૂ. 401.87 કરોડ અને કરવેરા બાદનો નફો રૂ. 311.02 કરોડ કર્યો છે. કંપનીએ અગાઉ રૂ. 130.73 કરોડની ખોટ કરી હતી. જેના લીધે આજે અદાણી વિલમરમાં જોરદાર કરન્ટ આવ્યો હતો. જે 6.71 ટકા ઉછળીને રૂ. 340.30ના ભાવે બંધ રહ્યો હતો. અદાણી ટોટલ ગેસના બીજા કવાર્ટરના પરિણામ જાહેર થયા બાદ 7.82 ટકા ઉછળીને રૂ. 755.25નો ભાવ બોલાયો હતો. કંપનીના બીજા કવાર્ટરમાં આવક 11.66 ટકા વધીને રૂ. 1315.49 કરોડનો થયો છે. જ્યારે ચોખ્ખો નફો 6.15 ટકા વધીને રૂ. 178.11 કરોડનો થયો હતો.

બૅંક ऑफ़ बड़ौदा Bank of Baroda

સુરત સીટી રીજનલ - ૨, બરોડા સન કોમ્પ્લેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત - ૩૯૫૦૦૭. ફોન નં. +૯૧ ૯૪૦૯૩ ૧૬૯૦૪, +૯૧ ૭૯૦૩૮ ૮૮૬૭૨

ઈ-હરાજી નોટીસ

ઈ-હરાજીની તારીખ : ૨૭.૧૧.૨૦૨૪, સમય : બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા | નિરીક્ષણની તારીખ : ૨૦.૧૧.૨૦૨૪ થી ૨૫.૧૧.૨૦૨૪

સિક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) અને ૬(૨) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ ગિરવે મુકેલ સ્થાવર અને જંગમ મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ

સિક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨-હેઠળ ગિરવે મુકેલ જંગમ / સ્થાવર મિલકતોનું વેચાણ (પછીથી આ કાયદો તરીકે ઓળખવામાં આવે છે). આથી જાહેર જનતાને અને નીચે જણાવેલ ઉધારકર્તાઓ અને જામીનદારોને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલી જંગમ અને સ્થાવર મિલકતો મોર્ગેજ / ચાર્જ મિલકતો જે બેંકના ચાર્જ માં મુકેલ છે. બેંક અધિકૃત અધિકારીશ્રીએ નીચે આપેલ મિલકતોનો કબજો લઈ લીધેલ છે. નીચે જણાવેલ ખાતાઓમાં **બેંક ઓફ બરોડા** ની બાકી નીકળતાં નાણાં વસૂલ કરવા માટે મિલકતોનું **"જે છે જ્યાં છે જેમ છે અને જે કાંઇ છે"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે. ઉધારકર્તાઓ / મોર્ગેજર / જામીનદારો / મુકરર મિલકતો / બાકી લ્હેણું / અનામત કિંમત / ઈ - હરાજીની તારીખ અને સમય, ઈએમડી અને બીડ વધારવાની રકમ નીચે મુજબ છે.

ક્રમ નં.	શાખા / ઉધારકર્તાનું નામ અને ડીમાન્ડ નોટીસની તારીખ	માલિકનું નામ	મિલકતનું વર્ણન અને બોજા સાથે	મિલકતનો પ્રકાર(રો હાઉસ /ફ્લેટ/રહેણાંક પ્લોટ/ઇન્ડ. પ્લોટ/ઇન્ડ. બિલ્ડીંગ) / પઝેશનનો પ્રકાર (પ્રત્યક્ષ / સાંકેતિક)	બાકી લ્હેણી રકમ (લાખ માં) (વત્તા તા. ૨૦.૧૦.૨૦૨૪ ના રોજ વ્યાજ સાથે)	૧. અનામત કિંમત (વાસ્તવિક) ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) ૩. બીડ વધારવાની રકમ	સંપર્ક કરવા માટે અને મોબાઈલ નંબર
1.	કુંભારીયા --------- અતુલભાઈ શંભુભાઈ વાલાણી (૦૩.૦૫.૨૦૨૧)	અતુલભાઈ શંભુભાઈ વાલાણી	પ્લોટ નં. ૧૫૮, ક્ષેત્રફળ ૭૪.૩૨ સ્કે.મી. (રેવન્યુ રેકોર્ડ મુજબ ૭/૧૨, દુરસ્તી બ્લોક/પ્લોટ નં. ૧૨૫/બી/૧/૧૫૯, ક્ષેત્રફળ ૭૪.૩૬ સ્કે.મી.), અવિભાજીત હકક સાથેનો રોડ અને સીઓપી સાથેનું ક્ષેત્રફળ ૪૯.૨૬ સ્કે.મી., રૂક્ષ્મણી પાર્ક સોસાયટી, તમામ સુવિધાઓ સાથે, આર.એસ. નં. ૧૨૮, ૧૨૯, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૪૬ અને ૧૨૭ પૈકી, બ્લોક નં. ૧૨૫/બી/૧, જે સ્થિત મોજે - કઠોર, સબ જીલ્લો - કામરેજ, જીલ્લો - સુરત.	રો હાઉસ / પ્રત્યક્ષ	૪૨.૮૧ વત્તા અન્ય ચાર્જીસ	૩૧,૬૫,૦૦૦ / ૩,૧૬,૫૦૦ / ૧૦,૦૦૦	રોનક રાવત ૮૯૮૦૦૨૧૦૬૭
2.	કુંભારીયા --------- જગદીશભાઈ રવજીભાઈ વાલાણી (૦૩.૦૫.૨૦૨૧)	જગદીશભાઈ રવજીભાઈ વાલાણી	પ્લોટ નં. ૧૬૦, ક્ષેત્રફળ ૭૪.૩૬ સ્કે.મી., અવિભાજીત હકક સાથેનો રોડ અને સીઓપી સાથેનું ક્ષેત્રફળ ૪૯.૨૬ સ્કે.મી., રૂક્ષ્મણી પાર્ક સોસાયટી, તમામ સુવિધાઓ સાથે, આર.એસ. નં. ૧૨૮, ૧૨૯, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૪૬ અને ૧૨૭ પૈકી, બ્લોક નં. ૧૨૫/બી/૧, જે સ્થિત મોજે - કઠોર, સબ જીલ્લો - કામરેજ, જીલ્લો - સુરત.	રો હાઉસ / પ્રત્યક્ષ	૩૯.૨૪ વત્તા અન્ય ચાર્જીસ	૩૦,૫૦,૦૦૦ / ૩,૦૫,૦૦૦ / ૧૦,૦૦૦	રોનક રાવત ૮૯૮૦૦૨૧૦૬૭
3.	એપીએમસી કુંભાલ --------- હિરેન ચંદુભાઈ વેકરીયા (૧૩.૦૫.૨૦૨૪)	હિરેનકુમાર ચંદુભાઈ વેકરીયા અને કંચનબેન ચંદુભાઈ વેકરીયા	પ્લોટ નં. ૪૧૯, એરીયાનું ક્ષેત્રફળ ૪૮.૦૦ યાર્ડ. એટલે કે ૪૦.૧૩ સ્કે.મી., અવિભાજીત હકક સાથેની જમીનનું ક્ષેત્રફળ ૨૨.૪૩ સ્કે.મી., કોમન રોડ અને સીઓપી સાથે, શીવ વાટીકા રેસીડેન્સી - ૨ થી જાણીતું રહેણાંક, જમીનનો બ્લોક નં. ૬૬ (રી-સર્વે બ્લોક નં. ૮૭ અને ૮૮, રેવન્યુ સર્વે નં. ૭૦/૧ અને ૭૦/૨), ગામ - નનસાડ, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત.	રો હાઉસ / સાંકેતિક	૧૨.૧૨ વત્તા અન્ય ચાર્જીસ	૯,૦૪,૫૦૦ / ૯૦,૪૫૦ / ૧૦,૦૦૦	સંતોષ હેઠ ૮૯૮૦૦૨૬૬૩૦

સરફેસી એક્ટ હેઠળ ઉધારકર્તા / જામીનદાર / મોર્ગેજરને ૩૦ દિવસ દિવસની કાયદેસરની વેચાણ નોટીસ

SCAN HERE For detailed Terms & Conditions

- બધી જ મિલકતો માટે બીડ વધારવાની રકમ રૂા. ૧૦,૦૦૦/- (અંકે દશ હજાર પુરા)
- વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને https:/www.bankofbaroda.in/e-auction.htm, https://ebkray.in માં આપેલી લિંકનો સંદર્ભ લો.
- ઈચ્છુક બિડરો માટે કૃપા કરીને અધિકૃત અધિકારી નો સંપર્ક +91 94093 16904, +91 79038 88672 કરો.
- (આ હરાજીના અન્ય કોઈપણ ભાષા સંસ્કરણ વચ્ચે કોઈપણ વિવાદના કિસ્સામાં અંગ્રેજી માધ્યમને માન્ય રાખવામાં આવશે.

તારીખ : ૨૫.૧૦.૨૦૨૪, સ્થળ : સુરત | અધિકૃત અધિકારી, ચીફ મેનેજર, બેંક ઓફ બરોડા

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

સર્કલ સસ્ત્ર સેન્ટર, સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩ ફોન : ૮૧૦૭૮૩૭૧૪૮ ઈમેઈલ : cs8323@pnb.co.in

સ્થાયી મિલકતની ઈ-હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ

નં.	શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદાર/જામીનદારનું નામ અને સરનામું	સુરક્ષિત કરેલ મિલકતની વિગત: ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) ૩૦.૦૯.૨૦૨૧ના રોજ બાકી રકમ / ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ / ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક	અ) અનામત કિંમત (રૂા.લાખમાં) / બ) ઈએમડી / ક) બોલી વધારાની રકમ	સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકી ની વિગત / Property ID :
૨૮.	પીએનબી : દેવકા બીચ દમણ(૭૧૭૦૦૦) — મે.સુપર પ્લાસ્ટીક : માલિક મોહમ્મદ આસીફ કુરેશી ૧૦૨, જૈતુન મંઝીલ, સેલવાસ રોડ, ઈમરાન નગર, વાપી, વલસાડ, ગુજરાત–૩૯૬૧૯૧ મોહમ્મદ આસીફ કુરેશી (જામીનદાર) : ૧૦૨, જૈતુન મંઝીલ, સેલવાસ રોડ, ઈમરાન નગર, વાપી, વલસાડ, ગુજરાત–૩૯૬૧૯૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત સેન્ટર પોઈન્ટ નામની બિલ્ડીંગ ના ૧લા માળની દુકાન નં.૧૩૫, આશરે માપ ૩૨૦ ચો.ફુટ સુપર બિલ્ટ અપ એરીયા જે જમીનમાં આવેલ કોમન સુવિધાઓના પ્રમાણસર હિસ્સા સાથેનું બાંધકામ એન.એ. થયેલ જમીન સર્વે નં.૭૫૩/૧, ૭૫૩/૨, ૭૫૩/૩, ૭૫૩/૫, ૭૫૩/૬ અને ૭૫૪ ઉપર થયેલ છે જે મોજે ગામ ડાભેલ, નાની દમણ ખાતે મોહમ્મદ આસીફ કુરેશી ના નામે આવેલ છે.	અ) ૦૪.૧૨.૨૦૧૮ / બ) રૂા.૬૯,૩૨,૦૭૬.૭૨ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ / ક) ૨૨.૦૮.૨૦૨૩ / ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૮.૯૦ / બ) રૂા.૦.૮૯ / ક) રૂા.૦.૧૦	PUNB7170003
૨૯.	પીએનબી : પારડી શાખા (૭૯૪૩૦૦) — શ્રી જતીન ઠાકોરદાસ ભરતીયા અને શ્રીમતી મુસ્કાન જતીન ભરતીયા : ફ્લેટ નં.૫૦૪, સાંઈ કો.ઓ.હાઉસીંગ સોસા.લિ., બ્રાહ્મણ ફળિયા, પારડી, ગુજરાત–૩૯૬૧૨૫	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત સાંઈ કો.ઓ.હા.સોસા.લિ. નામની બિલ્ડીંગ સ્થિત ૫મા માળનો રહેણાંકનો ફ્લેટ નં.૫૦૪, જેનું માપ ૮૬૦ ચો.ફુટ (૭૯–૮૯ ચો.મી.) બિલ્ટ અપ એરીયા, જેનું બાંધકામ એન.એ. થયેલ જમીન સી.એસ.નં.૧૧૯૪/બી, કુલ માપ ૮૬૬.૦૦ ચો.મી. વાળી પારડી (પારડી નગરપાલિકાની હદમાં), તા.પારડી, જી.વલસાડ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે જે શ્રીમતી મુસ્કાન જતીન ભરતીયા અને શ્રી જતીન ઠાકોરદાસ ભરતીયાની માલિકીનો છે.	અ) ૨૧.૧૦.૨૦૨૧ / બ) રૂા.૧૯,૩૪,૨૪૫.૭૮ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ / ક) ૦૯.૦૨.૨૦૨૨ / ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૧૭.૭૫ / બ) રૂા.૧.૭૮ / ક) રૂા.૦.૨૦	PUNB794300JAT

ઈ–હરાજી વેચાણના નિયમો અને શરતો : સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨માં આપેલ શરતો–નિયમો અનુસાર તથા નીચે આપેલ શરતો મુજબ વેચાણ થશે. (૧) મિલકતનું વેચાણ **'જયાં છે ત્યાં અને જેમ છે તેમ'**ના અને **'જે કાંઈ ત્યાં છે તે'** ના ધોરણે થશે. (૨) સુરક્ષિત મિલકતની અહીં દર્શાવેલ વિગતો અધિકૃત અધિકારીને ઉત્તમ જાણકારી મુજબ છે. પણ અધિકૃત અધિકારી કોઈ ભુલ–મીસસ્ટેટમેન્ટ અથવા રહી જવા અંગેની ઘોષણામાં જવાબદાર રહેશે નહી. (૩) વેચાણ ઈ–હરાજીના પ્લેટફોર્મ દ્વારા http://ebkray.in ઉપર **તારીખ ૧૩.૧૧.૨૦૨૪ સવારે ૧૧ થી સાંજે ૪ કલાકે કરવામાં આવશે.** (૪) વેચાણ અંગેની વધુ વિગતો અને નિયમો માટે મહેરબાની કરી, https://ebkray.in અને www.pnbindia.in ઉપર જુઓ.

SCAN HERE For detailed Terms & Conditions

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ

(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

તા. ૨૫.૧૦.૨૦૨૪ સ્થળ : સુરત | ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત કેડીટર

સરકારી કંપનીઓના શેરોમાં ભારે કોહરામ

નવ સરકારી કંપનીઓના ભાવ બાવન વીકની ઉંચાઇએથી 50 ટકા સુધી તુટયા

મુંબઇ, તા. 24: છેલ્લા કેટલાક સેશનથી શેરબજારમાં વેચવાલી અટકવાનું નામ જ લેતી નથી. જેમાં સૌથી ખરાબ હાલત સરકારી કંપનીઓની બની છે. પીએસયુ બેન્ક અને પીએસઇ કંપનીઓના શેરોમાં ભારે વેચવાલીનો માહોલ જોવા મળ્યો હતો અને જે બાવન વીકની ઉંચાઇએથી આશરે 50 ટકા સુધી તૂટયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા બે વર્ષમાં રોકાણકારોએ આ કંપનીઓના શેરોમાં ભારે નફો કર્યો હતો. જેમાં ઘણી કંપનીઓએ મલ્ટીબેગર રિટર્ન પણ આપ્યું છે. જેમાં ખાસ કરીને 9 પીએસયુ કંપનીઓના શેરોમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે.

જેમાં કોચીન શીપયાર્ડનો આજનો ભાવ રૂ. 1418.50નો છે, જેની બાવન વીકની ઉંચી સપાટી રૂ. 2979.45ની છે. જે લગભગ 52.24 ટકા તૂટયો છે. સીપીઆઇ એટલે કે શીપીંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાના શેરની કિંમત રૂ. 214.40 છે, જેની બાવન વીકની ઉંચી સપાટી રૂ. 384.89ની છે. જેમાં 44.29 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત, ગાર્ડન રીચ શીપબિલ્ડર્સ અગ્રણી શીપયાર્ડ કંપની છે, જે બાવન વીકની ઉંચી સપાટી રૂ. 2833.80થી ઘટીને આજે રૂ. 1583.90નો ભાવ બોલાયો છે. જે 44.02 ટકા ઘટયો છે. ઇરકોન બાવન વીકની ઉંચાઇએ રૂ. 351.60થી ઘટીને રૂ. 201.90નો બોલાયો છે. જે 42.45 ટકા ઘટયો છે. એમએમટીસીને ખાણ-ખનીજની કંપની છે. જે બાવન વીકની ઉંચાઇ રૂ. 131.88થી ઘટીને રૂ. 75.85નો બોલાઇ ગયો છે. જેમાં 42.25 ટકાનો ઘટાડો થયો છે. હુડકોરૂ. 353.70ની બાવન વીકની ઉંચાઇએથી રૂ. 204.20નો બોલાઇ રહ્યો છે.

જેમાં 42.22 ટકાનો ઘટાડો નોંધાયો છે.

અન્ય મીની રત્ન કંપની એમઓઆઇએલ રૂ. 588ની બાવન વીકની ઉંચાઇએથી રૂ. 342.15નો ભાવ બોલાયો છે. જે 41.92 ટકા ઘટયો છે. ભારત ડાયનામીકસ રૂ. 1794.70ની બાવન વીકની ઉંચાઇએથી 41.48 ટકા ઘટીને રૂ. 1052.90નો ભાવ બોલાઇ રહ્યો છે. અન્ય કંપની એન્જિનીયર્સ ઇન્ડિયા રૂ. 303.90ની બાવન વીકની ઉંચાઇએથી 40.64 ટકા ઘટીને 180.75ના સ્તરે બંધ રહ્યા હતા. આમ, છેલ્લા કેટલાક સેશનથી સરકારી કંપનીઓમાં સતત વેચવાલી જોવા મળી રહી છે અને તેના લીધે સરકારી કંપનીઓના શેરો નીચલા સ્તરે જતા જોવા મળી રહ્યા છે.

એચડીએફસી બેન્ક 52 વીકની ઉંચાઇની નજીક, ટૂંકમાં 2000ને વટાવશે

મુંબઇ, તા. 24: શેરબજારમાં મંદીના માહોલ વચ્ચે ખાનગી દિગ્ગજ બેન્ક એચડીએફસી બેન્કના બીજા કવાર્ટરના પરિણામ જાહેર થયા બાદ સતત વધતો જોવા મળી રહ્યો છે. જે બાવન વીકની ઉંચાઈની નજીક પહોંચી ગયો છે. નિષ્ણાતોના મતે એચડીએફસી બેન્કમાં નવી તેજીના એંધાણ છે અને ટૂંકસમયમાં જ રૂ. 2000ને વટાવી દેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા પાંચ દિવસમાં એચડીએફસી બેન્કમાં છ ટકાની તેજી જોવા મળી છે અને ગત વિક્રમી સપાટી રૂ. 1794ની નજીક પહોંચી ગયો છે. આજે એચડીએફસી બેન્ક રૂ. 1750ના ભાવ પર ટ્રેડ કરતો જોવા મળ્યો હતો. જે આવનારા દિવસોમાં વધુ વધશે અને નિફ્ટીને નવા સોપાનો સર કરવામાં મહત્વનો ભાગ ભજવશે. કેટલાક નિષ્ણાતોએ તો એચડીએફસી બેન્ક રૂ. 2500ની સપાટી વટાવશે, તેવું પણ અનુમાન કર્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બીજા કવાર્ટરના પરિણામ બાદ ગોલ્ડમેન સેક્સે પણ એચડીએફસી બેન્ક માટે રૂ. 2156નો લક્ષ્યાંક આપ્યો છે.

સ્પેસ સ્ટાર્ટ-અપ માટે રૂ. 1000 કરોડના વેન્ચર કેપિટલ ફંડને કેન્દ્રની મંજૂરી

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઇ): સ્પેસ સેક્ટરમાં ખાનગી રોકાણોને પ્રોત્સાહ આપવાના પ્રયાસરૂપે સરકારે ગુરુવારે સ્ટાર્ટ-અપ્સ માટે રૂ. 1,000 કરોડની વેન્ચર કેપિટલની સ્થાપનાને મંજૂરી આપી હતી. ઉદ્યોગ જગતે આ પગલાંનું સ્વાગત કરતાં તેને ગેમ ચેન્જર ગણાવ્યું હતું. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, ''આ ફંડ ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઇઝેશન સેન્ટર (આઇએન-સ્પેસ)ના નેજા હેઠળ કાર્ય કરશે અને ભારતીય અવકાશ સંશોધન સંસ્થા સાથે મળીને તેનું સંચાલન કરવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ ભંડોળથી બે તબક્કામાં 30-35 સ્પેસ સ્ટાર્ટ-અપ્સમાં રોકાણ કરવામાં આવશે - પ્રથમ તબક્કામાં રૂ. 5-10 કરોડ અને ત્યાર બાદ રૂ. 10-60 કરોડનું રોકાણ કરવામાં આવશે.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.				
૩૦/૨૪ બ્રાઇટ	૨૯૧	૭૫/૩૬ ''	૧૨૧	-----	---
૩૦/૩૬ એફડી	૩૦૨	૫૦/૩૬ ''	૧૨૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૨
લોકલ		૫૦/૪૮ SD/ક્રેપ	૧૭૧	**ગાર્ડન**	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૯	**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૨૯
૬૮/૩૬	૧૩૪	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૨	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૭	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૩૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૭	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૩
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૦	૮૦/૭૨ રોટો	૧૨૯	૭૫ ક્રિમ્પ	૧૩૨
૮૦/૭૨ રોટો.	૧૨૭	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૧.૫	૮૦ ક્રિમ્પ	૧૨૩
૮૦/૩૬ રોટો.	૧૨૮	૧૬૦ ડીસ્કેટ	૧૪૧.૫	૮૦/૭૨ રોટો	૧૨૭.૫
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૧	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
		૮૦/૧૦૮ ''	૧૨૯	૩૦/૩૬ એફડી	---

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૮૦૦	કોપરેલ	૪૨૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૬૫૦	વનસ્પતિ ઘી	૨૩૫૦
સીંગતેલ (૫ લી)	૮૯૦	સનફ્લાવર	૨૨૦૦
કપાસીયા (૧૫ કિ.)	૨૨૩૦	તલતેલ	૬૨૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૦૮૦	દિવેલ	૨૩૯૦
કપાસીયા (૫ લિ.)	૭૯૦	મકાઇ તેલ	૨૨૫૦
સરસીયું તેલ	૨૩૫૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૨૦૦
એમ-૩૦	૪૧૫૦
એસ-૩૦	૪૦૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૦૫૦
એસ-૩૦	૪૯૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૮૦૬૦૦
તેજાબી સોનું	૮૦૫૧૦
દાગીના-૨૨ કેરેટ	૭૬૫૭૦
દાગીના-બીઆઇએસઆઇ હોલમાર્ક	૭૮૯૮૮
સોનાનાં બિસ્કીટ	૮૦૬૦૦૦
ચાંદી (૯૯૯)	૧૦૦૦૦૦
ચાંદી સિક્કા	૧૦૧૫૦૦